Samvid Multidisciplinary Research Journ

Where researchers meet their destiny...

ISSN 2582-015X

# "એક ભારત શ્રેષ્ઠ ભારત" : વૈશ્વિક સ્તરે ભારતના આર્થિક વિકાસનું વિશ્લેષણ

**Name Author : Desai Rakshaben Ishawarbhai**

**Research Scholar (H.N.G.U. Patan)**

**Email ID:** desairakshai1011@gmail.com

---

❖ **સારાંશ**

"એક ભારત શ્રેષ્ઠ ભારત" ભારતની એકતા ,વિકાસ અને પ્રગતિ પર આધારિત રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ છે,જે માત્ર સામાજિક કે સાંસ્કૃતિક એકતા પૂરતું મર્યાદિત નથી પરંતુ આર્થિક સમૃદ્ધિ દ્વારા દેશને વૈશ્વિક મંચ પર શ્રેષ્ઠ રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવાની દિશામાં એક સશક્ત વિચાર છે. ભારત એ ૨૧મી સદીમાં ઝડપી ગતિએ વિકાસ પામી રહેલું અર્થતંત્ર છે. આર્થિક માળખામાં રચનાત્મક સુધારા, વૈશ્વિકીકરણ નો વ્યાપ, સ્ટાર્ટઅપ સંસ્કૃતિ, ઈનફ્રાસ્ટ્રક્ચરલ વિકાસ, ડિજિટલ પરિવર્તન અને આર્થિક સ્થિરતા આ બધું મળીને ભારતને વિશ્વ અર્થતંત્રના કેન્દ્રમાં સ્થાન અપાવી રહ્યું છે."એક ભારત શ્રેષ્ઠ ભારત"ની વિચારધારા દેશની એકતા, સામૂહિક વિકાસ અને સહઅસ્તિત્વના આધારે મજબૂત આંતરિક બજાર રચી રહી છે. જે વૈશ્વિક સ્તરે ભારતની આર્થિક વિકાસને વધુ ગતિ આપે છે. આ પેપરનો મુખ્ય હેતુ વૈશ્વિક અર્થતંત્રમાં ભારતની ભૂમિકા, વૃદ્દ્ધિના પરિણામો ,પડકારો અને ભાવિ સંભાવનાઓનું વિશ્લેષણ કરવાનું છે. વિશ્લેષણ દર્શાવે છે કે ભારત જીડીપી વૃદ્દ્ધિ ,વિદેશી રોકાણ ,ટેકનોલોજીકલ પ્રગતિ, સર્વિસ સેક્ટર, ઉત્પાદન ક્ષેત્ર (Manufacturing) અને Innovation ક્ષેત્રમાં વિશ્વનું નેતૃત્વ મેળવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. પેપરના અંતે જોઈ શકાય છે કે "એક ભારત શ્રેષ્ઠ ભારત" માત્ર સાંસ્કૃતિક સૂત્ર નથી પરંતુ આર્થિક વૃદ્દ્ધિને એકીકૃત કરતી રાષ્ટ્રીય રચનાત્મક દિશા છે જે ભારતને વૈશ્વિક સુપર ઈકોનોમી બનાવવા માટે અગત્યનું મૂલ્ય દર્શાવે છે.

❖ **Keywords**

India ,Global Economy ,Economic Growth ,Make In India ,Digital India ,GDP ,Start-up Ecosystem ,One India Best India.

❖ **પ્રસ્તાવના**

ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી અને વધુ વસ્તી તેમજ ઝડપી વિકસી રહેલી ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. છેલ્લા બે દાયકામાં ભારતે જે પ્રભાવશાળી આર્થિક વૃદ્દ્ધિ હાંસલ કરી છે તે માત્ર જીડીપી સુધી મર્યાદિત નથી પરંતુ સામાજિક, આર્થિક પરિવર્તન, ટેકનોલોજીકલ વિકાસ ,વૈશ્વિક વેપાર જેવા તમામ ક્ષેત્રમાં જોવા મળે છે. "એક ભારત શ્રેષ્ઠ ભારત" માત્ર સાંસ્કૃતિક સૂત્ર નહીં પણ આંતરિક એકતા અને સંતુલિત વિકાસ દ્વારા દેશની એકરૂપ આર્થિક શક્તિ ઊભી કરવાનું રાષ્ટ્રીય વિઝન છે ભારત જેટલું એકતાશીલ બનશે એટલું જ તેની વૈશ્વિક સ્પર્ધાત્મકતા મજબૂત બનશે વિવિધ રાજ્યોની આર્થિક ક્ષમતાઓને એકરૂપ કરી સમગ્ર દેશને એક માર્કેટ રૂપે તૈયાર કરતા ભારત આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે ઝડપી ઊભરતું ગંતવ્ય બનાવી રહ્યું છે.

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

ભારત ૨૦૩૦ સુધીમાં $૭ ટ્રિલિયન અર્થવ્યવસ્થા અને ૨૦૪૭ સુધીમાં "વિકસિત ભારત"નું લક્ષ્ય ધરાવે છે. આ હાંસલ કરવા માટેના માર્ગમાં વૈશ્વિક બજારમાં ભારતનું ઊભરતું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ છે.

❖ **સાહિત્ય સમીક્ષા**

વિશ્વ સ્તરે ભારતના આર્થિક વિકાસ અંગે વિવિધ અભ્યાસો થયા છે. વિવિધ સંસ્થાઓ જેમકે વર્લ્ડ બેંક, IMF, OECD,નીતિ આયોગ અને RBI દ્વારા કરવામાં આવેલા અભ્યાસ દર્શાવે છે કે-

- IMF (2024) :- અનુસાર ભારત વૈશ્વિક વૃદ્ધિમાં સૌથી મોટો યોગદાનકાર દેશ બનતો જાય છે.
- World Bank:-વર્લ્ડ બેંકના અહેવાલ અનુસાર ભારતની આર્થિક સંરચના મજબૂત બની રહી છે. કારણ કે દેશમાં ખાનગી રોકાણ ,વપરાશ અને યુવા વસ્તીના કારણે બહુ મોટું આંતરિક બજાર છે.
- Niti Aayog:-અનુસાર સ્ટાર્ટઅપ સંસ્કૃતિ ભારતના આર્થિક પરિવર્તનનું મહત્વ પૂર્ણ સાધન છે.
- Goldman Sachs:-મુજબ ભારત ૨૦૭૫ સુધીમાં વિશ્વની બીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનશે.

આ અભ્યાસો સ્પષ્ટ કરે છે કે ભારતની આર્થિક શક્તિ લાંબાગાળા માટે સ્થિર અને ટકાઉ છે ."એક ભારત શ્રેષ્ઠ ભારત" ની વિચારધારા દેશના આંતરિક પક્ષોને એકીકૃત કરીને વૈશ્વિક સ્તરે અસરકારક બને છે. એ બાબત અનેક અભ્યાસોમાં દર્શાવવામાં આવી છે.

❖ **Research Methodology**

આ પેપરમાં સેકન્ડરી ડેટા નો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં,સરકારી અહેવાલો ,રિસર્ચ આર્ટીકલ્સ ,વર્લ્ડ બેન્ક ,IMF, RBIના ડેટા,નીતિ આયોગ અને અર્થશાસ્ત્રીઓને આધારિત વિશ્લેષણ સમાવિષ્ટ છે.

❖ **અભ્યાસનો હેતુ**

ભારતના વૈશ્વિક આર્થિક સ્થાનોમાં થયેલા પરિવર્તનો, આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપતા પરિબળો,પડકારો અને ભાવિ સંભાવનાઓ, "એક ભારત શ્રેષ્ઠ ભારત" ની આર્થિક કાર્યગ્રસ્તતા વગેરે હેતુઓનો સમાવેશ થયેલ છે.

❖ **ભારતના આર્થિક વિકાસના મુખ્ય પરિબળો**

- યુવા શક્તિ:-ભારત પાસે ૬૫% થી વધુ વસ્તી ૩૫ વર્ષની નીચે છે. જે વિશ્વમાં સૌથી મોટી યુવા વસ્તી ગણાય છે જે ભારતના આર્થિક વિકાસ માટેનો પાયો છે.
- Digital Transformation - Digital India:-UPI,Aadhar, Direct Benefits Transfer,5G Connectivity,Digital Paymentsજે ભારતીય અર્થતંત્રને વેગ આપવા માટેના સૌથી મહત્વના ડિજિટલ માધ્યમ છે.
- Startup Ecosystem:-ભારત વિશ્વમાં 3rd largest Startup Ecosystem ધરાવે છે જે રોજગારી સર્જન માટે મહત્વનો ફાળો આપે છે.
- Make In India And Manufacturing Growth:-Make in India PLI scheme જેવી નીતિઓ મેન્યુફેક્ચરિંગ સેક્ટરને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા મદદ કરે છે ભારત હવે ગોબલ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઊભરતું જાય છે.

- Service Sector Dominance:-It software, BPO, consulting service ભારત વૈશ્વિક માર્કેટમાં મજબૂત સ્થાન ધરાવે છે. જેમ IT exports ભારતની જીડીપી નો વિશાળ હિસ્સો બને છે.

❖ **વૈશ્વિક સ્તરે ભારતનું સ્થાન**

- GDP Growth:-ભારતના આર્થિક વિકાસ ની સાથે જીડીપી ગ્રોથ પણ ઝડપી પરિવર્તન થતું જોવા મળે છે.IMF ના એક અહેવાલ પ્રમાણે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે.
- Foreign Direct Investment (FDI) :-ભારતે FDI આકર્ષણમાં ચીનને પાછળ મૂક્યું છે. Stable Policiest વિશાળ બજાર ,વૈશ્વિક રોકાણકારો માટે ભારત સૌથી સુરક્ષા સ્થાન છે.
- Export Growth:-ભારતના મુખ્ય નિકાસ ક્ષેત્રો
  Petroleum Products,Pharmaceuticals ,Textiles ,Engineering Goods,It Service

❖ **"એક ભારત શ્રેષ્ઠ ભારત" અને આર્થિક વિકાસ**

આ અભિગમ દેશની એકતા, સાંસ્કૃતિક સમાનતા અને આર્થિક એકીકરણને મજબૂત બનાવે છે. જેના મુખ્ય આર્થિક લાભો આ પ્રમાણે છે.

- Internal Market Integration:-સમગ્ર ભારત એક બજાર તરીકે કાર્ય કરે ત્યારે- ટ્રાન્સપોર્ટ સફળ ,વેપાર ખર્ચ ઓછો ,જીએસટી થી એક ગ્રુપ માર્કેટ બનાવવો.
- Language Culture And Skill Exchange:-ભારતમાં વિવિધ રાજ્યો ની વસ્તી જુદા જુદા રાજ્યોમાં વેપાર ધંધો કરે છે જેથી એક રાજ્યની શકિત બીજા રાજ્ય સુધી પહોંચે છે. તેથી રાષ્ટ્રીય આર્થિક ક્ષમતા વધતી જાય છે.
- Tourism And Cultural Economy:-વિવિધતામાં એકતા થી દેશનો ટુરિઝમ સેક્ટર મજબૂત બને છે. જેના કારણે GDP માં મહત્વ પૂર્ણ યોગદાન પ્રાપ્ત થાય છે.

❖ **પડકારો**

બેરોજગારી,કૃષિ ક્ષેત્રમાં અસમાનતા, આવકમાં અસમાનતા ,Manufacturing growth નો ધીમો દર,ફુગાવાનો દર ,વસ્તી વધારો.

❖ **ભાવિ સંભાવનાઓ**

ભારતનું ભવિષ્યને મજબૂત બનાવવા પાછળ ના અગત્યના ઘટકો આ પ્રમાણે છે.૨૦૪૭ સુધી Developed India Vision,Renewable Energy Hub બનવાનો માર્ગ ,Semiconductor Manufacturing,Defence Production ,5 Trillion $ Economy લક્ષ્ય ,ગુજરાત ,મહારાષ્ટ્ર ,તમિલનાડુ ,કર્ણાટક જેવા રાજ્યો ભારતને ગોબલ ઈકોનોમિક સુપર પાવર બનાવવા મુખ્ય ભૂમિકા ભજવશે.

❖ **નિષ્કર્ષ**

ભારત એ એક આર્થિક રીતે ખૂબ જ ઝડપી વિકસી રહેલ દેશ છે. જે વિશ્વના આર્થિક નકશા ને નવી દિશા આપી રહ્યું છે. મજબૂત આંતરિક બજાર , યુવા વસ્તી ,ડિજિટલ પરિવર્તન , સ્ટાર્ટઅપ ઈન્વોલેશન અને વૈશ્વિક વેપારમાં ઉછાળો આ બધું મળીને ભારતને સુપર ઈકોનોમી બનાવવાના માર્ગે આગળ ધકેલી રહ્યું છે. "એક

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

ભારત શ્રેષ્ઠ ભારત"ની વિચારધારા ભારતના આર્થિક વિકાસને એકીકૃત આધાર છે. આ સૂત્ર દેશના વિવિધતાભર્યા સંસ્કૃતિ ,ભાષા ,રાજ્ય અને આર્થિક ક્ષેત્રોની એકરૂપ કરીને વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે વધુ શક્તિશાળી સ્પર્ધક બનાવે છે. અંતે કહી શકાય કે ભારતનું ભવિષ્ય તેજસ્વી છે ,સંસ્કૃતિ રીતે મજબૂત ,આર્થિક રીતે પ્રગતિશીલ અને વિશ્વસ્તરે તે બનવા માટે સજ્જ છે.

## ❖ સંદર્ભ સૂચિ


- *World Bank Reports on India's Economic Outlook*
- *IMF World Economic Outlook, 2023–2025*
- *NITI Aayog Annual Reports*
- *RBI Bulletin on Indian Economy*
- *India@100 – Government of India Vision Document*
- *UNDP Human Development Reports*
- *Economic Survey of India (Various Years)*